ક્રમાંક–૧૯

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**દસમું સત્ર**
**બુધવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૨૨**
**માનનીય અધ્યક્ષશ્રી ડો. નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

(ક) **તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૨૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫ અને ૬ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૭ થી ૨૭૭ ને અતારાંકિત ગણવામાં આવ્યા.

**પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.**

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ પંદરમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

**૨. સરકારી વિધેયકો**

(૧) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

ત્યારબાદ મુદ્દા આપનાર નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અંબરીશભાઇ ડેર
(૨) શ્રી રઘુભાઇ દેસાઇ
(૩) શ્રી ભગાભાઇ બારડ
(૪) શ્રી ગ્યાસુદ્દીન શેખ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી પુંજાભાઇ વંશ
(૭) શ્રી નૌશાદ સોલંકી
(૮) શ્રી લલિતભાઇ કગથરા
(૯) શ્રી આનંદભાઇ ચૌધરી
(૧૦) શ્રી કનુભાઇ બારૈયા
(૧૧) શ્રી રાજેશકુમાર ગોહિલ
(૧૨) શ્રી બાબુભાઇ વાજા
(૧૩) શ્રી પુનાભાઇ ગામીત
(૧૪) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૫) શ્રી પ્રતાપભાઇ દૂધાત
(૧૬) શ્રી મોહનલાલ વાળા
(૧૭) ડો. કિરીટકુમાર પટેલ
(૧૮) શ્રી લલિતભાઇ વસોયા

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને કલમ ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૨૨નું ગુજરાત જાહેર સલામતી(પગલાં) અમલીકરણ વિધેયક દાખલ કરી પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

**૩. સભાગૃહનો સમય લંબાવવા બાબત.**

માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ આજના દિવસની કામકાજની યાદીમાં સમાવિષ્ટ બાકીના બે વિધેયકો ઉપરની ચર્ચા પૂર્ણ થાય અને તે પસાર થાય ત્યારબાદ બિન–સરકારી કામકાજ હાથ ધરાય અને તેના ઉપરની ચર્ચા પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા અને વિરામનો સમય રાબેતા મુજબનો રાખવા માટેની દરખાસ્ત કરતાં, માનનીય વિપક્ષના દંડક ડો. સી. જે. ચાવડાએ દરખાસ્તને ટેકો આપતાં, તદઅનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવવાની અને વિરામનો સમય

રાબેતા મુજબનો રહેશે તેવી જાહેરાત કરી.

**૪. સરકારી વિધેયકો(ક્રમશઃ)**

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી. જે. ચાવડા (પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ ડો. સી.જે. ચાવડાએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૨) શ્રી પ્રદિપસિંહ જાડેજા
(૩) શ્રી પરેશભાઇ ધાનાણી
(૪) શ્રી દુષ્યંતભાઇ પટેલ (નાયબ મુખ્ય દંડકશ્રી)
(૫) શ્રી શૈલેષભાઇ પરમાર
(૬) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૭) શ્રી પુંજાભાઇ વંશ
(૮) ડો. કિરીટકુમાર પટેલ
(૯) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૧૦) શ્રી બળદેવજી ઠાકોર

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૧૦, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટીંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૩) માનનીય રાજયકક્ષાના શ્રમ મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ, સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી– કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન)(રદ કરવા બાબત)વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી શૈલેષભાઇ પરમાર
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી જિતેન્દ્રભાઇ સુખડીયા
(૪) શ્રી પુંજાભાઇ વંશ

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના શ્રમ મંત્રીશ્રી બ્રિજેશ મેરજાએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**૫. બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી સંકલ્પો**

(૧) '' નલ સે જલ યોજના'' ને લગતો સંકલ્પ સભ્યશ્રી અરૂણસિંહ રણા સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

(૨) સભ્યશ્રી ભરતજી ઠાકોરે ''જીવન જરૂરી ચીજ–વસ્તુઓના ભાવો અંકુશમાં લેવા માટે નક્કર પગલાં ભરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા અંગેનો '' સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ સંકલ્પ પરની ચર્ચામાં નીચેના સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૧) શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા
(૨) શ્રી વિવેકભાઇ પટેલ
(૩) ડો. સી. જે. ચાવડા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી નરેશભાઇ પટેલે આપ્યો. ત્યારબાદ સંકલ્પના પ્રભારી સભ્યશ્રી ભરતજી ઠાકોરે આખરી જવાબ આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત પર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૩) '' ખેલ મહાકુંભ'' ને લગતો સંકલ્પ સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇ સભાગૃહમાં ગેરહાજર હોઇ રજૂ થઇ શક્યો નહીં.

**૬. માનનીય સભાપતિશ્રીની જાહેરાત**

**સભ્યશ્રીઓના ગ્રૃપ ફોટોગ્રાફ અંગે**

માનનીય સભાપતિશ્રીએ તા.૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ સવારે ૯.૦૦ વાગ્યે ગુજરાત વિધાનસભાના પ્રથમ માળે આગળના ભાગે સભ્યશ્રીઓના ગ્રૃપ ફોટોગ્રાફ પાડવાના આયોજન અંગેની જાહેરાત કરી.

**સભાગૃહ, ગુરુવાર તા.૩૧મી માર્ચ ૨૦૨૨ના રોજ**
**સવારના ૧૦.૦૦ વાગ્યે ફરી મળવા માટે રાત્રીના ૭.૩૦ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૩૦મી માર્ચ, ૨૦૨૨**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**